# દેવે યશાયાહને તેના લોકોને શિક્ષણ આપવા તૈયાર કર્યો.

**યશાયાહ એ પ્રબોધક હતો. જેણે સ્વર્ગનું દર્શન જોયું.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, યશાયાહ પ્રબોધકે જેમ જોયું તેમ તમારા મહિમા અને પવિત્રતાનું દર્શન અમને કરાવો. જેમ તેણે પોતાને તમારી આગળ નમ્ર કર્યો તેમ અમે અમને નમ્ર બનાવીએ છીએ અને તમારી શુધ્ધતા સ્વીકારીએ છીએ. તમારી સેવા માટે અમે અમારૂં અર્પણ કરીએ છીએ.

બાળકોની ઉંમર અને જરૂરિયાત પ્રમાણેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પસંદ કરો.

**યશાયાહ ૬ : ૧-૮** વાર્તા વાંચો અથવા મોઢે કહો જેમાં દેવે યશાયાહને સ્વર્ગમાં જોવાની રજા આપી અને પછી પ્રાચીન ઈસ્ત્રાએલીઓને દેવનું વચન શીખવવા માટે મોકલ્યો.

આ **પ્રશ્નો** પૂછો (જવાબો સાથે આપેલા છે)

- યશાયાહે પ્રભુ ને ક્યાં જોયો ? (ક.૧)
- પ્રભુની ઉપર કોણ ઉડતું હતું ? (ક.૩ સરાફો-મોટા દૂતો હતા)
- સરાફો શું બોલતા હતા ?(ક.-૩)
- દૂતોએ ગીત ગાયું ત્યારે મંદિરનું શું થયું ?(ક.૪)
- આવું થયું ત્યારે યશાયાહને કેવી લાગણી થઈ ?(ક.૫)



- યશાયાહ કેમ ગભરાયો ?(ક.૫)
- યશાયાહે પોતાના હોઠોની શુધ્ધતા કેવીરીતે મેળવી .(.૬-૭)
- દૂતે યશાયાહને શું કહ્યું ?(ક.૭)
- દેવનો પૂછેલો ક્યો પ્રશ્ન યશાયાહે સાંભળ્યો?(ક.૮)
- યશાયાહે શું જવાબ આપ્યો ?(ક.૮)
- જેમ યશાયાહ માટે દેવે કર્યું તેમ દેવ આપણને શુધ્ધ કરે અને પાપ માફ કરે તે જરૂરી છે ?
- જો દેવ પૂછે કે લોકો પાસે તેને વિષે કહેવા તે કોને મોકલે તો આપણે કેવો જવાબ આપવો જોઈએ?

દેવે યશાયાહને તેનું વચન શીખવવા માટે કેવી રીતે તૈયાર કર્યો તે વાર્તાનું નાટક તૈયાર કરો.યશા. ૬:૧-૮

- સભાના આગેવાન પાસે બાળકો આ નાટક રજૂ કરે તે ગોઠવો.

- બાળકોને નાટકની તૈયારી સન્ડેસ્કૂલ સમયમાં કરાવો.
- તમારે બધા ભાગોનો ઉપયોગ કરવાનો નથી.
- મોટા બાળકો નાનાની મદદ કરે.
- મોટા બાળકો કે સભાજનોમાંથી કોઈ યશાયાહ,દેવનો અવાજ અને વર્ણન કરનારના પાત્રો ભજવે. વર્ણન કરનાર વાર્તાને સંક્ષિપ્ત કરે અને બાળકોને સંવોદો શીખવે
- નાના બાળકો સરાફ(મોટા દૂતો) બને. તેઓ સળગતા દેવતા માટે કોઈ વસ્તુ લાવે.

**ભાગ-૧**

**ઉદ્‌ઘોષક** : યશા.૬:૧-૭નમાંથી વાર્તાનો પ્રથમ ભાગ કહે. પછી બોલે સાંભળો યશાયાહ શું કહે છે.

**યશાયાહ** : હાથ આંખો ઉપર મુકવા અને જોરથી બોલવું ''હું પ્રભુને તેના મંદિરમાં જોઉં છું. સર્વ જગ્યાએ તેનો મહિમા છે ! તેના રાજ્યાસનની આજુબાજુ મોટા દૂતો ઉડે છે.મંદિર ધ્રુજે છે અને ધુમાડાથી ભરાઈ જાય છે ! મને બીક લાગે છે, હું ખૂબ પાપી છું''

**ઉદ્‌ઘોષક** : સાંભળો! મોટા દૂતો શું કહે છે.

**સરાફો (છોકરાઓ)** : મોટેથી ગાય. ''પવિત્ર,પવિત્ર,પવિત્ર, છે સૈન્યોનો યહોવાહ !''

**સરાફો (છોકરીઓ)** : આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે.

(દેવની પવિત્રતા બાબતનું કોઈ ગીત હોય તો બાળકોને તે માટે પણ તૈયાર કરી શકાય.)

**યશાયાહ** : પ્રભુ હું શુધ્ધ નથી મારા લોકો બધા પાપી છે. હું તારી હજુરમાં જીવતો રહી શકતો નથી. સરાફોમાંથી એક દેવતા લઈને ઉડીને યશાયાહ પાસે જતો હોય તેવો દેખાવ કરે.તેના મોઢાને દેવતા અડકાડે પછી બુમ પાડે દેવ તને માફ કરે છે તેણે તને તારા પાપથી શુધ્ધ કર્યો છે. તે બધા દૂર ચાલ્યા ગયા છે.

**ભાગ-૨**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ ૮મી કલમમાંથી કહી સંભળાવે પછી બોલે સાંભળો પ્રભુ શું કહે છે.

**દેવનો અવાજ** : મારે એક સંદેશવાહક જોઈએ છે. લોકોને શીખવવા માટે કોણ જશે ?

**યશાયાહ** : હું આ રહ્યો, મને મોકલ

**ઉદ્‌ઘોષક** : નાટકમાં મદદ કરનાર બધાનો આભાર માને છે.

**પ્રશ્નો** જો બાળકો એ આ નાટક મોટાઓની આગળ રજુ કર્યું હોય, તો તેમને ઉપરના લીસ્ટના પ્રશ્નો પણ પુછવા દો.

**પ્રયોગ કરવો** પેન્સીલ, કાગળ, દિવાસળી તૈયાર કરો. બાળકોને પૂછો.

- દેવ આગળ કઈ બાબત આપણને શુધ્ધ કરે છે. બાળકો જે કહે તે કાગળમાં લખો.
- આપણે આપણા પાપથી કઈ રીતે છુટી શકીએ ? કાગળ સળગાવો સમજાવો કે દેવ આપણા પાપ શુધ્ધ કરે છે.

**પુછો** દેવની સ્તુતિ,પવિત્રતાઅને મહિમા માટે આપણે સ્વર્ગના દૂતોની માફક જે ગીતો ગાઈએ છીએ. તે ક્યા છે. (બાળકોને કહેવા દો અને તેમને ગાવાની તક આપો)

બળતા કોલસાનું **ચિત્ર દોરો.** ભજનસેવા વખતે બાળકો આ ચિત્ર બતાવે અને સમજાવે કે આપણો પ્રભુ કેટલો શુધ્ધ અને પવિત્ર છે. જેમ અગ્નિ સોનાને શુધ્ધ કરે છે તેમ તે આપણને આપણા પાપથી શુધ્ધ કરે છે.



ગીતશાસ્ત્ર-૫૧-૧૦ **મુખપાઠ કરાવો**

**ગીત** ત્રણ બાળકો ગી.શા. ૬૩ ૧થી૩ દરેક બાળક એક એક કલમ મોઢે બોલી જાય.

હે ઈશ્વર તુ મારો દેવ છે હું તને વહેલો શોધીશ,

જયાં પાણી હોતું નથી એવા સુકા અને ખેદજનક દેશમાં મારો આત્મા તારે સારૂ તલખે છે.

મારો દેહ તારે વાસ્તે તલપે છે.

તેથી તારૂં સામર્થ્ય અને ગૌરવ જોવાને માટે મેં પવિત્ર સ્થાનમાં તારા ભણી જોયું છે.

કેમકે તારી કૃપા જીવન કરતાં ઉત્તમ છે.

મારા હોઠો તારી સ્તુતિ કરશે.

મોટા બાળકો-દેવની પવિત્રતા વિષે ગીત અથવા સરળ નાટક લખે. તેઓ કહી શકે કે કેવા મોટા દૂતો આકાશમાં તેની સ્તુતિ કરે છે અને તે આપણને શુધ્ધ કરે છે કે આપણે તેની સેવા કરીએ.

**પ્રાર્થના :** પ્રભુ, યશાયાની માફક અમે તમારી પવિત્રતા અને તમારા મોટા મહિમાની સ્તુતિ કરીએ છીએ. મોટા દૂતો તમારૂ ભજન કરે છે. અમે તેઓની સાથે પવિત્ર,પવિત્ર,પવિત્ર ગાઈએ છીએ. તમારી પવિત્રતા અમને બતાવે છે કે અમે કેવા અશુધ્ધ છીએ. અમને માફ કરો અને અમને શુધ્ધ કરો. તમારો આભાર માનીએ છીએ. પ્રભુ ઈસુના નામમાં....

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net